

## વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતાતુર : બે કલાક વિજળી વધુ મળતા રાહત

ગાંધીનગર તાલુકાના ચિલોડા પંથકમાં એક માત્ર જુન ૨૪મી પ્રથમ મેઘરાજા મહેરબાન થયા બાદ વરસાદે હાથ તાળી આપી ગાયબ થઈ જતા ખેડૂતો ભારે ચિંતામાં ગરકાવ થઈ આકાશ તરફ મીટ માંડી કપરા દિવસો પસાર કરી રહ્યા છે. ઉભા ખેતરોમાં અતિશય ગરમી બાફથી વરસાદ વિના હવે પાક મુંઝાવવા લાગ્યો છે. આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળો સહેજમાં વિખરાઈ જતા અનાવૃષ્ટિના એંધાણોથી મોંઘુદાટ બિયારણ ખેડ, ખાતર, દવા ખર્ચી ચારથી પાંચ પિયત કૂવાથી પાકને બચાવવા તનતોડ મથામણ કરી રહ્યા છે. આકાશી વાદળો - સુસવાટા પવનથી વરસાદ ખેંચાતા ખેતી પાક ખતરામાં મુકાતાં પિયત ટયુબવેલથી પાક બચાવવા વીજળીમાં બે કલાક સમય વધારાતા ખેડૂતોમાં રાહતની લાગણી પ્રવર્તી રહી છે.

# પેસેન્જર રીક્ષામાંથી દારૂ બિયરની પેટીઓ પકડાઈ

### શેરથા પાસેથી રીક્ષા અને ગ-૦ પાસેથી લેન્સર કારમાંથી દારૂ ઝડપાયો : બંને કેસમાં થઈ ૨.૧૬ લાખના મુદ્દામાલ સાથે ત્રણની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાની અડાલજ પોલીસે શેરથા ટોલટેક્ષ પાસેથી પેસેન્જર રીક્ષામાંથી દારૂ-બિયરની પેટીઓ અને સે. ૭ પોલીસે ગ-૦ સર્કલ પાસેથી લેન્સર કારમાંથી વિદેશી દારૂની પેટીઓ મળી કુલ રૂ. ૨.૧૬ લાખના મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરી લીધી છે. આ બંને કેસમાં દારૂની હેરાફેરી કરી રહેલા શખ્સો પાસેથી એક જ વાત બહાર આવી કે દારૂ-બિયરનો જથ્થો અમદાવાદ લઈ જવાઈ રહ્યો હતો.

અડાલજ પીએસઆઈ ટી.બી. રાઠોડ તથા તેમની ટીમે બાતમીને આધારે શેરથા ટોલટેક્ષ પાસે વોચ ગોઠવીને પેસેન્જર રીક્ષા નં. જીજે-૧-બીએક્સ-૯૭૬૭ને પકડી પાડી હતી. તેમાંથી બે પેટી દારૂ અને ત્રણ પેટી બિયરના ટીન મળીને રૂ. ૧૬,૮૦૦ની કિંમતનો દારૂ-બિયર મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૮૬,૮૦૦ના મુદ્દામાલ સાથે નરેશ અને નારાયણ નામના શખ્સની ધરપકડ કરી પુછપરછ કરતાં પાટણથી દારૂનો જથ્થો લાવીને અમદાવાદ લઈ જવાઈ રહ્યો હોવાનું બહાર આવ્યું હતું. તો બીજી તરફ બાતમીને આધારે ગ-૦ સર્કલ પાસેથી સે. ૭ પીએસઆઈ એમ. પી. ચૌહાણ તથા તેમની ટીમે બે પેટી દારૂ લઈને અમદાવાદ જઈ રહેલી લેન્સર કાર નં. જીજે-૧-કે.બી.૬૮૭૫ને પકડી પાડી હતી. તેમાં હેરાફેરી કરી રહેલા સાબરમતીના શખ્સ અમિત ચોહડસિંગ ચૌધરીની રૂ. ૯,૬૦૦ના દારૂ મળી રૂ. ૧,૨૯,૬૦૦નાં મુદ્દામાલ સાથે ધરપકડ કરી પુછતાછ કરતાં તે પણ દારૂ અમદાવાદ લઈ જઈ રહ્યો હોવાનું બહાર આવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૩

સૂર્યાસ્ત : ૭.૩૦

### તાપમાન

મહત્તમ : ૩૭.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૫૦ ટકા

### મનોરંજન

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૨ :**

બાહુબલી : ૩.૩૦, ૧૦.૦૦

આઈ લવ એન.વાય : ૬.૩૦

**સ્ક્રીન-૩ :**

બાહુબલી : ૧૨.૩૦

આઈ લવ એન.વાય : ૪.૦૦, ૧૦.૧૫

ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૭.૦૦

**સ્ક્રીન-૪ :**

આઈ લવ એન.વાય : ૧૦.૦૦, ૧૨.૪૫

ઠાકોર નં. ૧ (ગુજરાતી) : ૧૨.૧૫

ગુડ્ડુ રંગીલા : ૪.૧૫, ૧૦.૪૫

જુરાસિક વર્લ્ડ (હિન્દી) (૨ડી) : ૭.૪૫

**સ્ક્રીન-૫ :**

દિલ દે કે દેખો : ૧૦.૦૦

તનુ વેડસ મનુ ૨ : ૧.૦૦

એબીસીડી - ૨ : ૩.૪૫, ૧૦.૦૦

બાહુબલી : ૬.૪૫

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧ :**

૩ડી મીનીયન (અંગ્રેજી) :૧૦.૦૦, ૬.૧૦, ૮.૨૦

એબીસીડી ૨ (૩ડી) : ૧૨.૧૦

જુરાસિક વર્લ્ડ (૩ડી) : ૩.૨૫

ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**

બાહુબલી : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**

બાહુબલી : ૧૦.૪૫, ૨.૦૫, ૮.૪૫

પ્રેમજી : રાઈઝ ઓફ વોરિયર (ગુજરાતી) : ૫.૨૫

**સ્ક્રીન-૪ :**

જુરાસિક વર્લ્ડ (૨ડી) (હિન્દી) : ૧૦.૪૫

આઈ લવ એન.વાય (હિન્દી) : ૧.૦૦

એબીસીડી ૨ (૩ડી) : ૩.૪૫, ૯.૫૦

હમારી અધુરી કહાની (હિન્દી) : ૭.૦૦

### આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. લીલાભાઈ ચમનભાઈ રાવળ (ઉ.વ.૫૭) ઈન્દિરાનગર, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. ઠાકોર શંભુજી રામાજી (ઉ.વ.૩૬) મુ. ઈન્દ્રોડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. નયનાબેન રવિન્દ્રનાથ શાહ (ઉ.વ.૭૦) એફ-૧૦૪, શ્રીરંગ, રાંદેસણ, ગાંધીનગર
- સ્વ. ઠાકોર હરિભાઈ વિભાભાઈ (ઉ.વ.૫૨) મુ. પાલજ, તા.જી. ગાંધીનગર

# રાજ્યની જીઆઈડીસી અને મીઠાના અગરોમાં પરિવહન સેવા વિકસાવવાની તાતી જરૂરિયાત

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ રાજ્યમાં વિકસેલ જીઆઈડીસીઓના કારણે છે. રાજ્યના જીઆઈડીસી વિસ્તારોમાં ઔદ્યોગિક વિસાહતોમાં વસતા કામદારો-મજૂરો માટે રાજ્ય પરિવહન નિગમ દ્વારા બસની સુવિધા પુરી પાડવી આવશ્યક બનતી જાય છે. આ ઉપરાંત રાજ્યના કચ્છના નાના રણ વિસ્તારમાં આવેલ મીઠાના અગરો પર કામ કરતા અગરિયાઓ અને તેમના પરિવારો માટે પણ અગર સુધી પાકો રોડ અને લોકલ રેલવે લાઈનની સુવિધા અપાય તો અગરિયાઓના જીવનમાં ક્રાંતિ આવી શકે.

રાજ્યમાં ગાંધીનગર, ચાંગા-બાવળા, કલોલ, નંદાસણ, કડી, આણંદ, બામણબોર, વાપી, અંકલેશ્વર, વડોદરા, સુરેન્દ્રનગર, ભાવનગર, જામનગર, ખાવડી અને ધોલેરા વગેરે સહિત અનેક સ્થળે જીઆઈડીસીનો વિકાસ કરવામાં આવ્યો છે. આ ઔદ્યોગિક વસાહતોમાં પુરૂષ કામદારો અને મહિલા કામદારો માટે રાત્રિ રોકાણની યોગ્ય હોસ્ટેલની વ્યવસ્થા હોવી જરૂરી છે. તમજ જમવામાં મુશ્કેલી ના પડે તે માટે ભોજન શાળાની પણ વ્યવસ્થા હોવી જોઈએ. જેથી તેઓ પોતાની ફરજ નિષ્ઠા પ્રત્યે નિશ્ચિત રહી શકે. આ ઔદ્યોગિક વિસ્તારોમાં નજીકના શહેરો-ગામોમાંથી અપડાઉન કરતા કામદારો માટે ખાસ બસરૂટ હોવા જોઈએ જેમ કે ગાંધીનગરથી ચાંગા-જીઆઈડીસી, અમદાવાદથી કલોલ-નંદાસણ, અમદાવાદથી સાણંદ જીઆઈડીસી, ભાવનગરથી કલોલ-નંદાસણ, અમદાવાદથી સાણંદ જીઆઈડીસી, ભાવનગરથી ધોલેરા એસઆઈઆર, સુરેન્દ્રનગરથી બામણબોર જીઆઈડીસી, જામનગરથી ખાવડી જીઆઈડીસી અને રાજકોટથી બામણબોર વગેરે.

કચ્છના નાના રણ પાસે આવેલા મીઠાના અગરોમાં વર્ષના નવ માસ ઓક્ટોબરથી જૂન દરમ્યાન રહીને કામ કરતા અગરિયાના પરિવારોને અગરો સુધી પાકા રોડ કે રેલવેની સુવિધા ન હોવાથી આપત્તિ સમયે અથવા મેડીકલ ઈમર્જન્સી જેવી કે અગરિયા મહિલા કામદારની ડિલીવરી વખતે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા સુદ્ધાની મુશ્કેલી પડે છે. આ પ્રકારની ઓચિંતિ સારવાર કે મદદ સેવા માટે આ વિસ્તારમાં પાકા રોડ બનાવાય તેની તાતી જરૂરિયાત છે. ખાસ કરીને ખારા ગોઢા-ઓડુ, ઝીંઝુવાડા, ફતેપુર અગર, વચ્છરાજપુરા અગર, મોટા વાછડાદાદા અગર વગેરેને પાકા રોડની સુવિધા મળે તે માટે સુલતાનપુર, દહેગામ, ખારા ગોઢા, ઓડુ ઝીંઝુવાડા, ફતેપુર, સુરેલ, વિસનગર સુધી રોડ બનાવવો જોઈએ. ફતેપુર, સુરેલ, વિસનગર સુધી રોડ બનાવવો જોઈએ. આ રોડના કારણે કુદરતી આફતો જેવી કે વાવાઝોડુ, અતિવૃષ્ટિ, ધરતીકંપ વગેરેમાં તાત્કાલિક સહાય આપી શકાય અને મેડીકલ ઈમર્જન્સી જેમ કે પ્રસુતિ કે અકસ્માત વગેરેમાં પણ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા પણ ઝડપથી મળી શકે. આમ તો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના મીઠાના સત્યાગ્રહને યાદ રાખીને આ અગરિયાંઓ માટે લોકલ રેલવે લાઈનની સુવિધા મેળવવાનો પણ અધિકાર છે. ધ્રાંગધ્રાથી વાયા ખારા ગોઢા, ઓડુ, ઝીઝુંવાડા, સુરેલ, કુંવર, રાફુ-ગોતરકા થઈને વારાહી સુધીની રેલવેલાઈન મળે તો ગરીબ અગરિયા પરિવારો માટે આશિર્વાદરૂપ સાબિત થાય. ગરીબ અગરિયાઓ માટે વાજબીદરે પરિવહન સેવા માટે સરકારે ગંભીરતાથી વિચારવુ જોઈએ.

**જીઆઈડીસીમાં પુરૂષ મહિલા કર્મચારીઓ માટે રાત્રિ રોકાણની સગવડ માટે અલગ હોસ્ટેલ અને કેન્ટીન સુવિધા હોવી જોઈએ : અગરિયાઓને આપત્તિ સમયે મદદ માટે પાકા રોડની સગવડ અને પરિવહન માટે રેલવેની સુવિધા મળવી જોઈએ**

# નોન ક્રિમિલીયર સર્ટી કાઢી આપવામાં નનૈયો ભણાવતા ટીડીઓ સામે આકરા પગલા ભરો

### શહેર જાગૃત નાગરિક પરિષદો મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી

ગાંધીનગર, તા. ૧૧

નોન ક્રિમિલીયર સર્ટીફિકેટ હવે તાલુકા વિકાસ અધિકારી પણ કાઢી આપશે. તેની તમામ સત્તા રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી હોવા છતાં તાલુકા વિકાસ અધિકારીઓ પ્રમાણપત્ર કાઢી આપતા નથી. તેથી આવા અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલા ભરવા ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી છે.

બક્ષીપંચ જ્ઞાતિના અરજદારોને વયમર્યાદા, સહિતમાં ફાયદારૂપ થતું નોન ક્રિમિલીયર સર્ટિફિકેટ જનસેવા કેન્દ્રોમાંથી મેળવી શકાય છે. પરંતુ આ પ્રમાણપત્ર મેળવવા માટે અરજદારોએ ખુબજ હાલાકી પડતી હતી અને તેના કારણે જ મુખ્યમંત્રી આનંદીબહેન દ્વારા તાલુકા વિકાસ અધિકારીઓને પ્રમાણપત્ર કાઢી આપવા ઠરાવ કરી સત્તા આપવામાં આવી છે. પરંતુ હંમેશા મલાઈ ખાવા માટે પેંધા પડેલા ટીડીઓને પ્રમાણપત્ર કાઢી આપવામાં પેટમાં દુઃખે છે અને નનૈયો ભણાવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે મુખ્યમંત્રી આનંદીબહેનને લેખિત ફરિયાદ કરી છે. આવા અધિકારીઓ સામે કડક અને શિક્ષાત્મક પગલા ભરવામાં આવે.



## અફવાઓથી દુર રહેવા ગ્રામજનોને મંત્રી દિલીપજી ઠાકોરની અપીલ

ગાંધીનગર સહિત ગ્રામ્ય વિસ્તારમાં ચોર લુટારૂ ટોળકી ની અફવાઓ અંગે જાગૃતિ લાવવા રાજય સરકાર ના વર્તમાન મંત્રી દિલીપજી ઠાકોર દહેગામ ખાતે પહોંચ્યા હતા અફવાના ભય માંથી દુર રહેવા અને પોતાના ધંધા રોજગાર શરૂ કરવા અપીલ કરી હતી દહેગામ તાલુકામાં ચોર લુટારૂ આવતા હોવાની અફવાઓ વેગ પકડતા વહીવટી તંત્ર સહિત પોલીસ તંત્ર આ મામલે ગંભીર બની હરકત માં આવી ગયું હતું ત્યારે આ મામલે રાજય સરકાર મંત્રી દિલીપજી ઠાકોર પુર્વ મંત્રી જયસિંહ ચૌહાણ સહિતના આગેવાનો એ અસરગ્રસ્તો ની મુલાકાત લીધી હતી અને ચોર લુટારૂ આવતા હોવાની વાતો માત્ર અફવાઓ છે. અને તેનાથી ગભરાવાની જરૂર નથી અને કાયદો હાથમાં ન લેવા તેમજ પોતાના ધંધા રોજગાર ફરી શરૂ કરવા અપીલ કરી હતી દહેગામ તાલુકાના ભાજપ ના પ્રમુખ ચંદ્રેશભાઈ પટેલ મનુભાઈ બારોટ વિપુલભાઈ પટેલ રમણભાઈ દેસાઈ સહિત અનેક અગ્રણી ઓ જોડાયા હતા

# ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતો એક શખ્સ ઝડપાયો

### ઉવારસદમાં એલસીબીએ દરોડો પાડી ૧.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીક ઉવારસદ વિસ્તારમાં એક મકાનમાં એક શખ્સ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડી રહ્યો



હોવાની ચોક્કસ બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે બપોરે દરોડો પાડીને સટ્ટોડીયા શખ્સને ઝડપી પાડ્યો હતો. એલસીબીની ટીમે રૂ. ૧.૨૯ લાખના મુદ્દામાલ સાથે સટ્ટોડીયાની ધરપકડ કરી લઈ ઊંડી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ પી.આઈ. આશુતોષ પરમારની ટીમને બાતમી મળી હતી કે ઉવારસદના દેવનંદન સમીટ સોસાયટીમાં મકાન નં. ઈ-૩૦૪માં પાકીસ્તાન-શ્રીલંકા વચ્ચે ચાલતી વનડે ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડાઈ રહ્યો છે. જેને આધારે આજે બપોરે દરોડો પાડીને યુવરાજ પોપટલાલ બારોટ નામના શખ્સને સટ્ટો રમાડતા રંગેહાથ ઝડપી લેવાયો હતો. એલસીબીની ટીમે રૂ. ૨૩ હજારની કિંમતના ૪ મોબાઈલ, ૩૫ હજારની કિંમતનું એલ.ઈ.ડી. ટીવી અને સેટઅપ બોક્ષ મળીને કુલ રૂ. ૬૦ હજારના મુદ્દામાલ સાથે સટ્ટોડીયા શખ્સ યુવરાજની ધરપકડ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

## શહેર પાસેની એક શાળાની શિક્ષિકા ગુમ થતાં ચકચાર

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરને અડીને આવેલી એક ખાનગી શાળાની શિશિકા કોઈ કારણોસર શાળાએથી નિકળ્યા બાદ ગુમ થઈ જતાં શિક્ષિણ જગતમાં ચકચાર મચી જવા પામી હતી. શાળા છુટ્યા બાદ પણ ઘરે પરત ન ફરતા તેણીના પતિએ મોડી સાંજે પોલીસ મથકે પત્નિના ગુમ થયા અંગેની જાણવાજોગ ફરીયાદ પણ આપી હતી.

પોલીસે શોધખોળ શરૂ કરી દીધી હતી. દરમ્યાન આજે સવારે શિક્ષિકા ઘરે પહોંચી જતાં પરિવારજનોને હાંશકારો થયો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતુ કે ઘર-કંકાશથી કંટાળીને શિક્ષિકા ક્યાંક ચાલી ગઈ હતી..!

## નાગરિક પરિષદની વિશિષ્ટ સભા યોજાઈ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની વિશિષ્ટ સભા યોજાઈ હતી બેઠકમાં જનસેવાને લગતા વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી તેમજ સાચા નાગરિકો માટે નાગરિક પરીષદ સક્રિય યોગદાન આપશે. ગ્રાહક શિક્ષણ અને સંશોધનમાં પ્રોત્સાહન, ગ્રાહકના હક્કો અને હિતોની ફરજો માટે સરકાર સમક્ષ અસરકારક રજૂઆતો કરવામાં આવશે. બેઠકમાં પરમજીત છાબડાને મહિલા જાગૃતિ અને વિકાસની પ્રવૃત્તિઓનો કાર્યભાર સોંપવામાં આવ્યો હતો.

# સે-૮ વસાહત મંડળ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા.૧૧

સેકટર-૮ વસાહત મંડળ દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ધોરણ ૧થી ૯માં ૭૫ ટકાથી વધુ ગુણ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. વસાહત મંડળના તેજસ્વી વિદ્યાર્થીઓએ પોતાના પુરા સરનામા અને મોબાઈલ નંબર સાથે પરિણામની નકલ તા. ૧૫ ઓગસ્ટ સુધી રહીમ મકવાણા પ્લોટ નં. ૩૨૧/૧, પ્રેમસિંહ રાજપૂત ૪૨૭/૨ અને નિલેશ પટેલ ૩૨૨/૧, સેકટર-૮ ખાતે મોકલી આપવા મંડળના મહામંત્રીએ જણાવ્યું છે.

**રક્તદાન મહાદાન**

# જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા દંપતિ સંપર્ક પખવાડિયું ઉજવાયુ

### ૧૧ થી ૨૪ જુલાઈ દરમિયાન જન સંખ્યા સ્થિરતા પખવાડિયું ઉજવવામાં આવશે

ગાંધીનગર, તા.૧૧

જિલ્લા આરોગ્ય તંત્ર ગાંધીનગર દ્વારા વિશ્વ વસ્તી દિવસ અંતર્ગત દંપતિ સંપર્ક પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાના ચારેય તાલુકાઓમાં વિવિધ સંમેલનો યોજી વસ્તી વધારો અટકાવવા અને સુખી જીવનનો મંત્ર સમજાવવામાં આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લામાં ગત ૨૭ જુનથી ૧૦ જુલાઈ દરમિયાન દંપતિ સંપર્ક પખવાડિયું ઉજવવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા આરોગ્ય અધિકારીએ જિલ્લાના રહીશોને વધતી જતી વસ્તીની આડઅસરો વિશે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે સમાજમાં ગરીબી, બેકારી, નિરક્ષરતા, કુપોષણનું પ્રમાણ વધુ પ્રમાણમાં જોવા મળે છે અને તેની જાગૃતિ માટે કાર્યક્રમનું આયોજન કરાયું છે.

તેમણે આરોગ્યને લગતી ચર્ચા કરી હતી. મોડા લગ્ન, લગ્નબાદ પ્રથમ બાળક વચ્ચે અંતર રાખવા ઉપર ભાર મૂકયો હતો. માતા અને બાળ મરણ અટકાવવા વિશે પણ માહિતી પુરી પાડી હતી.

દંપતિ સંપર્ક પખવાડિયામાં ચારેય તાલુકામાં ચાર આશા સેમિનાર, ૨૬ ગુરુ શિબિરો, ૧૨ લઘુ શિબિરો, ગામડાઓમાં ૧૦ સાસુ સંમેલનો, ૧૩ સખી મંડળની મિટીંગો, ૧૨ તાલુકા કક્ષાએ રેલીઓ, ૧૩ સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત જનજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

કુટુંબ કલ્યાણ કાર્યક્રમ હેઠળ પુરુષ નશબંધી સહિતનું માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. તેમજ ૧૧ જુલાઈથી ૨૪ જુલાઈ દરમિયાન જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જન સંખ્યા સ્થિરતા પખવાડિયું ઉજવવામાં આવશે.

## અડાલજ માણેકબા પીટીસી કોલેજમાં વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૧

આજે વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અડાલજ સ્થિત માણેકબા પીટીસી કોલેજમાં વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતાં.

અડાલજમાં આવેલ માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, તાલુકા હેલ્થ કચેરી ગાંધીનગર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુઘડ દ્વારા વિશ્વ વસ્તી દિવસ અંતર્ગત વિવિધ કાર્યક્રમો કોલેજ ખાતે યોજવામાં આવ્યા હતા. પ્રશિક્ષણાર્થી બહેનો વચ્ચે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, સ્લોગન સ્પર્ધા યોજવામાં આવી હતી.

ત્યારબાદ પૂર્વ આર્ટ થિયેટર્સના કલાકારો દ્વારા 'બસ હવ સમજો તો સારું' નાટક ભજવામાં આવ્યું હતું. જેમાં નાનુ કુટંબ સુખી કુટંબ, ઓછા બાળ જય ગોપાળ વિષયક જાગૃતિ પુરી પાડવામાં આવી હતી. નાટકમાં મુકેશ જાની, ઉષા શાહ, મિત્તલ પરમાર, ભરત પંચોલી અને કોલેજની વિમિતા, નિશા, સોનાલીએ અભિનય કર્યો હતો.

આ પ્રસંગે માણેકબા વિનય વિહાર સંકુલના વિદ્યાર્થીઓ, નિયામકો, આચાર્યો, ગામના સરપંચ, તાલુકા આઈઈસી અધિકારી સહિત આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## વિશ્રામઘાટનો મનોરથ

ગાંધીનગર, તા.૧૧

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી મંદિર સેકટર-૨૧ ખાતે આજે રવિવારના રોજ વિશ્રામઘાટનો મનોરથ યોજવામાં આવશે.